**Office of the DG & IG of Police,**
Gujarat State, Ground Floor, Police Bhavan,
Sector-18, Gandhinagar-382018
**Email.dgp-dysp-scst@gujarat.gov.in**

જી-૨શાખા

ક્રમાંક: જી-૨/૧૯૨૭/એટ્રો/ના.પો.અધિ/ફરજો/૯૯/૨૦૨૨
તા.૧૨/૦૧/૨૦૨૨

વિષય: નાયબ પોલીસ અધિક્ષક (એસ.સી/એસ.ટી સેલ) ની ફરજો.

સંદર્ભ: (૧) જી-૨ શાખા અત્રેની કચેરીનાં પત્ર ક્રમાંક: જી-૨/૧૯૨૭/એસસી/એસટી/નાપોઅધિ/કામ વહેંચણી/૧૦૦/૯૨/૧૬૨૨, તા.૨૪/૦૯/૧૯૯૨

(૨) જી-૨ શાખા અત્રેની કચેરીનાં પત્ર ક્રમાંક: જી-૨/૧૯૨૭/પરિપત્ર/૧/૯૩/૪૬૬, તા.૦૨/૦૪/૧૯૯૩

<u>પરિપત્ર:-</u>

ઉપરોક્ત વિષય અન્વયે ગુજરાત રાજ્યના પોલીસ કમિશ્નરેટ અને જિલ્લાઓમાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષક (એસ.સી/એસ.ટી સેલ) નાઓએ કરવાની થતી કામગીરીની વિગતો સંદર્ભ (૧) અને (૨) મુજબના પરિપત્રોથી નક્કી કરવામાં આવેલ હતી. આ પરિપત્રો ખુબ જુના છે. બદલાયેલ પરિપ્રેક્ષ્યમાં નાયબ પોલીસ અધિક્ષક (એસ.સી/એસ.ટી સેલ) ની ફરજોમાં ફેરફાર થયેલ હોય, નવેસરથી પરિપત્ર તૈયાર કરી, કામગીરી અને જવાબદારી નક્કી કરવા યોગ્ય જણાય છે.

૨/- જેથી, ઉપરોક્ત સંદર્ભ (૧) તથા સંદર્ભ (૨) ના પરિપત્રોને આથી રદ કરવામાં આવે છે અને વિવધ એકમોમાં ફરજો બજાવતા નાયબ પોલીસ અધિક્ષક (એસ.સી/એસ.ટી સેલ) નાઓએ કરવાની થતી કામગીરી નીચે મુજબ નવેસરથી નક્કી કરવામાં આવે છે:

૧. નાયબ પોલીસ અધિક્ષક (એસ.સી/એસ.ટી સેલ) નાઓએ અનુ.જાતિ અને અનુ.જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ-૧૯૮૯ અને તે પછી અધિનિયમમાં કરેલ સુધારાઓ તેમજ અનુ.જાતિ અને અનુ.જનજાતિ (અત્યાચાર નિવારણ) રૂલ્સ (૧૯૯૫) ની જોગવાઇઓ મુજબ કામગીરી કરવાની રહેશે. તેમજ ફરજો બજાવવાની રહેશે. તદઉપરાંત નામ.સુપ્રિમકોર્ટ, નામ.હાઇકોર્ટ તેમજ અન્ય ન્યાયાલયો તરફથી આ સંદર્ભે આપવામાં આવેલ માર્ગદર્શિકા અને ચુકાદાઓને પણ ધ્યાને લેવાના રહેશે.

૨. એટ્રોસીટી એક્ટ હેઠળ નોંધાયેલ ગુનાઓ અંગેનું ક્રાઇમ રજીસ્ટર (ખાટીયાન રજીસ્ટર) નીભાવવું.

૩. એસ.સી./એસ.ટી. સમુદાયના લોકો ઉપર થતા અત્યાચારો અથવા સંભવિત અત્યાચારો અંગે માહિતી એકત્રિત કરવા ના.પો.અધિક્ષક (એસ.સી/એસ.ટી સેલ) દ્વારા પોતાના સોર્સ ઉભા કરવા તેમજ મળેલ માહિતી અનુસંધાને અસરકારક કામગીરી કરવી.

૪. સરકારશ્રી અને ઉપરી અધિકારીઓ તરફથી મળતી એસ.સી./એસ.ટી. સમુદાયને લગતા ચર્ચાસ્પદ બનાવો અંગેની અરજીઓની તપાસ નાયબ પોલીસ અધિક્ષક (એસ.સી./એસ.ટી.સેલ) જાતે કરશે.

૫. નાયબ પોલીસ અધિક્ષક (એસ.સી./એસ.ટી.સેલ) ની કામગીરી ઉપર દેખરેખ રાખી શકાય તે હેતુસર તેઓ વીકલી ડાયરી અત્રેની કચેરીએ નિયમિત અને સમયસર મોકલશે

૬. અત્રેની કચેરીએ મોકલવામાં આવતા મંથલી પત્રકો, નાયબ પોલીસ અધિક્ષક (એસ.સી/એસ.ટી સેલ) ની સહીથી અને ત્રિમાસિક, છ માસિક તથા વાર્ષિક પત્રકો પો.અધિશ્રી/પો.કમિશ્રી નાઓની સહીથી અત્રે સમયમર્યાદામાં મોકલી આપવા.

૭. પોતાના કાર્યક્ષેત્રમાં આ કાયદા હેઠળ દાખલ થતા ગુનાઓ તેમજ અરજીઓનું આંકડાકીય વિશ્લેષણ કરી, જે વિસ્તારમાં વારંવાર ગુનાઓ બને છે તેવા વિસ્તારોની અવાર-નવાર મુલાકાત લેવી અને Confidence building measures( એસ.સી./એસ.ટી. સમુદાયમાં સલામતીની ભાવના પ્રગટે તે માટે) માટે જરૂરી કાર્યવાહી કરવી. આ વિસ્તારોમાં સ્થાનિક પોલીસ તરફથી પણ અસરકારક કાર્યવાહી કરવામાં આવે તે જોવું. અસરગ્રસ્ત ગામડાઓમાં આઉટપોસ્ટના અધિકારીઓ દ્વારા નિયમિત અને અસરકારક વિલેજ વિઝીટેશન કરવામાં આવે તે જોવું.

૮. દાખલ થયેલ ગુનાઓની તપાસ ત્વરિત પૂર્ણ થાય તે અંગે તમામ જરૂરી પગલાં લેવા. જે કેસોમાં હાઇકોર્ટ અથવા અન્ય કોઇ ન્યાયાલય તરફથી સ્ટે આપવામાં આવેલ હોયતો સ્ટે હટાવવા તમામ જરૂરી કાર્યવાહી કરવી. તેમજ લાંબા સમયથી કેસ બોર્ડ ઉપર ન આવેલ હોય તે સંજોગોમાં કેસને બોર્ડ ઉપર લાવવા માટે જરૂરી ફોલો-અપ લેવું.

૯. આ કાયદા હેઠળ દાખલ થતા ગુનાઓની તપાસ અસરકારક અને યોગ્ય રીતે થાય, આરોપીઓ વિરૂધ્ધ સબળ પુરાવા એકત્રિત થાય અને કેસમાં કન્વિકશન્ થાય તે અંગે જરૂરી કાર્યવાહી કરવી.

૧૦. આ કાયદા હેઠળ દાખલ થતા ગુનાઓનો સ્પેશ્યલ રિપોર્ટ એફ.આઇ.આર.ની વિગતો સાથે અત્રેની કચેરીએ તાત્કાલિક મોકલી આપવો.

૧૧. એટ્રોસીટી એક્ટ હેઠળ નોંધાતા ગુનાઓ સંદર્ભે એટ્રોસીટી એક્ટની કલમો સાથે નાગરિક હક્ક રક્ષણ અધિનિયમ, 1955 ની કલમો ઉમેરવા પાત્ર હોય તો તેનો ઉમેરો બિનચૂક કરવો.

૧૨. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ-૧૯૮૯ ની કલમો ૩(૧)(એસ) અથવા ૩(૨)(૫) અથવા ૩(૨)(૫)(એ) ની જોગવાઇઓને ધ્યાનમાં રાખી એફ.આઇ.આર માં આ કલમો લગાડવામાં આવેલ છે કે કેમ તે ખાસ જોવું.

૧૩. એટ્રોસીટી એક્ટ હેઠળ બનેલ ચકચારી બનાવો તેમજ તે સંદર્ભે નોંધાયેલ ગુનાની વિગતો તાત્કાલિક અત્રેની કચેરીએ મોકલી આપવી.

૧૪. કોઇપણ બનાવ બન્યા પછી આ વિસ્તારમાં પોલીસ પ્રોટેક્શનની જરૂર હોય તો જરૂરી સંખ્યામાં પોલીસ પ્રોટેક્શનની વ્યવસ્થા તાત્કાલિક થાય તે જોવું. પોલીસ પ્રોટેક્શન આપ્યા પછી આ પ્રોટેક્શન ક્યાં સુધી ચાલુ રાખવું તે અંગે નિયમિત મુલ્યાંકન કરી, જરૂર જણાયે પોલીસ પ્રોટેક્શન હટાવી લેવા અંગે કાર્યવાહી કરવી.

૧૫. જે એકમોમાં આ કાયદા હેઠળ દાખલ થતા ગુનાઓની સંખ્યા વધારે છે તેવા એકમોમાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષક (એસ.સી/એસ.ટી સેલ) નાઓને અપવાદ સિવાય અન્ય કોઇ તપાસ, ખાતાકિય તપાસ, વિઝીટેશન અને એવી ફરજો કે જેમાં સમયનો વ્યય થાય છે તે નહી આપવા પોલીસ કમિશ્નરશ્રી અને પોલીસ અધિક્ષકશ્રીઓએ ધ્યાન આપવું. આ કાયદા હેઠળ દાખલ થતા ગુનાઓ ખુબ જ ગંભીર પ્રકારના હોય, દાખલ થતા ગુનાઓની તપાસ યોગ્ય અને અસરકારક રીતે થાય તેમજ તપાસ સમયમર્યાદામાં પૂર્ણ થાય તે જરૂરી હોવાથી નાયબ પોલીસ અધિક્ષક (એસ.સી/એસ.ટી સેલ) નાઓની વ્યસ્તતાને ધ્યાને લઇ અન્ય જવાબદારી યાંત્રિક ઢબે નહી સોંપવામાં આવે તે ઇચ્છનિય છે.

૧૬. અત્રેની કચેરીમાં મળતી અરજીઓ ઇ-ગુજકોપ મારફતે એકમના વડાઓને મોકલવામાં આવે છે, આવી અરજીઓની તપાસ સમય-મર્યાદામાં પૂર્ણ થાય અને અત્રેની કચેરી તરફથી કરેલ કાર્યવાહીનો અહેવાલ માંગવામાં આવેલ હોય ત્યારે "નિયત અરજી અહેવાલ ફોર્મેટ" મુજબ ઇ-ગુજકોપ મારફતે અહેવાલ મોકલવાનો રહેશે.

"પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી નાઓના આદેશથી"

( વિકાસ સહાય )
પોલીસ મહાનિદેશક
I/C.(અ.જા/અ.જ.જા/મા.અ/ન.વ)
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રતિ

- તમામ પોલીસ કમિશ્નરશ્રી.
- તમામ રેન્જવડાશ્રી.
- તમામ પોલીસ અધિક્ષકશ્રી (પ.રે.અમદાવાદ/વડોદરા સહિત)